

**શામળાજી-હિંમતનગર નેશનલ હાઇવે નં-૮ પર ગડાદર પાટિયાનજીક રાજસ્થાન પરિવહન ની બસ-ડિવાઈડર પર લટકી : ૫૫ મુસાફરોનો આબાદ બચાવ**

રાજસ્થાન પરિવહન નિગમની બસ કોટા ઉદેપુર થી અમદાવાદ જતી બસ ગડાદર પાટિયા નજીક નેશનલ હાઈવે નં-૮ પર ઠેર ઠેર પડેલા મોટા ખાડાઓ ના પગલે ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ૫૫ જેટલા મુસાફરો થી ખીચોખીચ ભરેલી બસ ડિવાઈડર પર ચડી જઈ ઢાળ પર લટકી જતા પલ્ટી થી બચી જતા મુસાફરોનો આબાદ થયો હતો બસ લટકી જતા આજુબાજુથી દોડી આવેલા લોકોએ મુસાફરો ને સહીસલામત બહાર કાઢ્યા હતા અને મોઢામાંથી શબ્દો સરી પડ્યા હતા કે રામ રાખે તેને કોણ ચાખે.

# ખેડબ્રહ્મા તાલુકામાં સ્વાઈન ફલુના વધુ ૫ કેસ

ખેડબ્રહ્મા, તા. ૧૭

રાજયમાં સ્વાઈન ફલુનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે ખેડબ્રહ્મા તાલુકામાંથી વધુ ૫ કેસ પોઝીટીવ નોંધાયા છે. જેમને સારવાર અર્થે હિંમતનગર ખસેડવામાં આવ્યા છે.

ખેડબ્રહ્મા તાલુકાની એક ૪૫ વર્ષની મહીલાને સ્વાઈન ફલુ થતાં અમદાવાદ સારવાર અર્થે ખસેડાયા બાદ મૃત્યુ થયુ હતુ. ત્યારબાદ ખેડબ્રહ્મા તાલુકાના બે ગામમાંથી વધુ દર્દીઓ બુધવારે સારવાર અર્થે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન શંકાસ્પદ લાગતા તેમને હિંમતનગર રીફર કરવામાં આવેલ જયાં પાંચ વ્યક્તિોનો ટેસ્ટ પોઝીટીવ આવતા તંત્ર હરકતમાં આવી ગયુ હતુ. જેને લઈ ટીએચઓ ડૉ. ગોસ્વામીએ જણાવ્યું હતું કે તંત્ર દ્વારા ૮ ટીમો રવાના કરવામાં આવી છે. અને સંપૂર્ણ વિસ્તારમાં દવાઓ આપવામાં આવી રહી છે અને દરેક વ્યક્તિને સ્વાઈન ફલુ સામે રક્ષણ માટે કેવા પગલા લેવા તે શિખવાડવામાં આવી રહ્યુ છે. અને તાલુકાના ૭ પીએચસી પર સારવાર ચાલુ કરી દેવામાં આવી છે.



## અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગે ઉભા કરેલ

# આઈસોલેશન વોર્ડમાં ટેમિફ્લુનો જથ્થો જ નથી

અરવલ્લી, તા. ૧૭

સમગ્ર ગુજરાતમાં સ્વાઈનફલુએ કાળો કેર વર્તાવ્યો છે અને મોતની સંખ્યામાં દરરોજ ઉમેરો થતા ગુજરાત સરકારના સ્વાઈનફલુને નાથવાના દવાઓ સંપૂર્ણ પોકળ સાબિત થયી રહયા છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ સ્વાઈનફલુના ૮થી વધુ પોઝેટિવ કેસ મળી આવતા જિલ્લા આરોગ્ય વિભાગ હરકતમાં આવી ગયું હતું અને જિલ્લા મથક મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ અને સંજીવની હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડ નામ પૂરતા ઉભા કરવામાં આવ્યા હોય તેવું ગ્રાઉન્ડ રિપોર્ટિંગમાં જણાઈ આવ્યું છે. સાર્વજનિક હોસ્પિટલમાં સ્વાઈનફલુ સામે રક્ષણ આપતી ટેમિફ્લૂ નામની દવાનો જથ્થો જ ખાલી હોવાનો અને સાર્વજનિક હોસ્પિટલમાં આવતા શંકાસ્પદ સ્વાઈનફલુના દર્દીઓને હિંમતનગર અને અમદાવાદ બરોબર મોકલી દેવામાં આવતા હોવાનું જાણવા મળ્યું હતું. આરોગ્ય વિભાગનો સ્વાઈનફલુના દર્દીઓ માટે બનાવેલ આઈસોલેશન વોર્ડ ફક્ત શોભાના ગાંઠિયા સમાન બંધ હાલતમાં જોવા મળી રહ્યો છે.

અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઈનફલુ મહામારી બીમારીને નાથવા માટે ફક્ત બેઠકો પર બેઠકો યોજી પગલા લઈ રહ્યું હોય તેવી સ્થિતિ છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઈનફલુના શંકાસ્પદ અને પોઝેટીવ દર્દીઓને યોગ્ય અને અદ્યતન સારવાર માટે બનાવવામાં આવેલા સાર્વજનિક હોસ્પિટલ ખાતે ઉભા કરાયેલા આઈસોલેશન વોર્ડ નકામો બની રહ્યો છે સાર્વજનિક હોસ્પિટલમાં બનાવેલ આઈસોલેશન વોર્ડમાં અત્યાર સુધી કોઈ દર્દીને સારવાર આપવામાં આવી નથી આ અંગે તપાસ કરતા હોસ્પિટલના વહીવટી મેનેજર કનુભાઈ પટેલના જણાવ્યા અનુસાર હોસ્પિટલમાં ટેમિફ્લૂ નામની દવાનો જથ્થો જ ઉપલબદ્ધ નથી અને આ અંગે આરોગ્ય વિભાગમાં વારંવાર રજુઆત કરવા છતાં ટેમિફ્લૂ આપવામાં આવી નથી.




બીજી બાજુ જિલ્લા આરોગ્ય વિભાગના વડા ડૉ. અમરનાથ વર્મા સાથે આ અંગે ટેલિફોનિક વાત કરતા જણાવ્યું હતુ કે સમગ્ર જિલ્લામાં આરોગ્યવિભાગ દ્વારા અલગ અલગ ટીમો બનાવી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે અને સાર્વજનિક હોસ્પિટલમાં ટેમિફ્લૂ નામની દવાનો જથ્થો ખલાસ હોવાનું પૂછવામાં આવતા અલગ જ રાગ અલોપી જણાવ્યું હતું કે આરોગ્ય વિભાગ પાસે ટેમિફ્લૂ દવાનો જથ્થો પૂરતા પ્રમાણમાં હોવાનો અને મોડાસાની ખાનગી હોસ્પિટલોમાં પણ જરૂરિયાત મુજબ આપવામાં આવી રહ્યો છે.

# પ્રાંતિજની મહિલાએ કાળજે પથ્થર મુકી મૃતક પતિના અંગ દાન કર્યા

પ્રાંતિજ, તા. ૧૭

કહેવાય છે કે નારી તુ નારાયણની નારી તું કલ્યાણી નારીમાં નવ રૂપ છે જેમાં દિકરી, બહેન, માતા અને પત્ની જેવા એનેક નામો સાથે રૂપ છે ત્યારે પોતાના પતિનું મરણ થતા પોતે કાળજુ કાઠુ રાખી જીવન દોરી વચ્ચે ઝોલા ખાતી બે જીંદગીઓને ઉગારી લીધી છે. અને બે જીંદગીઓને નવુ જીવન આપ્યું.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તપોધન ફડી ખાતે રહેતા રાવલ નયનાબેન જીતેન્દ્રકુમાર કે જેવો હાલ ધંધા અર્થે હાલ રહે. અમદાવાદ સીટીએમ કે જેવોના પતિ રાવલ જીતેન્દ્રકુમાર કનૈયાલાલનું બ્રેઈનસ્ટ્રોકને કારણે એપોલો હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યાં હતાં અને જીતેન્દ્રકુમાર કનૈયાલાલને એડીમીટ કર્યાને અગિયાર દિવસે તેમનુ એપોલો હોસ્પિટલ ખાતે જ મૃત્યુ થતાં તેમનાં પત્નીએ કાળજુ કાઠું કરી પોતાના પતિ જીતેન્દ્રભાઈના બે અંગ કિડનીદાન આપવાનું નકકી કર્યું અને એક બાજુ પરિવાર ઉપર મોતનુ આભ ફાટ્યું હતું. તો બીજી બાજુ પોતાના પતિની અંતિમક્રિયા પહેલા બે અંગ દાનનો નિર્ણય લેતાં પહેલા તો કુંટુંબીજનો પણ અંચબામાં પડી ગયાં હતાં અને માતાના નિર્ણય સાથે પુત્ર જયમીન તથા પુત્રી તૃપ્તિ સહમત થતાં કુંટુંબના પરિવારજનો પણ સહમત થયા હતા. અને મૃતક જીતેન્દ્રભાઈની બે કિડની દાન આપવાનું નક્કી કર્યુ હતું અને બે જીંદગીઓને કિડની મળી રહેતા અન્ય બે પરિવારનાં કુલદિપકો જીવનલીલા વચ્ચે ઝોલા ખાતા કે બુઝાતા-બુઝાતા રહી ગયા છે. ત્યારે ધન્ય છે આ મહિલાને કે પોતે પોતાના પતિના મૃત્યુ બાદ અંગદાન કરવાથી અન્ય પરિવારના બે દિપકો તરી ગયા ત્યારે સમાજ તથા અન્ય સમાજ તથા મહિલોઓ માટે પ્રેરણારૂપ કિસ્સો છે તેમ કહીએ તો નવાઈ નહી આવી પત્નીઓને લાખ લાખ સલામ.

# તલોદ કોલેજમાં જાહેર જીવનમાં સ્વચ્છતાનું મહત્વ પરિસંવાદ યોજાયો

તલોદ, તા. ૧૭

શેઠ એચ.પી.આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ તલોદમાં સ્વચ્છતા પખવાડિયા અભિયાન હેઠળ જાહેર જીવનમાં સ્વચ્છતાનું મહત્વ વિષય પર પરિસંવાદ યોજાયો હતો. તલોદના નાયબ મામલતદાર ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત પુસ્તકથી અને શબ્દોથી સ્વાગત કરાયુ હતુ. સ્વચ્છતાથી પ્રાપ્ત થતી સુંદરતાનો ખ્યાલ વિષે માહિતી આપી હતી. મહાનુભાવોએ સ્વચ્છતા વિષે પ્રેરક માર્ગદર્શન આપેલ હતુ. પ્રતિજ્ઞાવાંચન કરાયુ હતુ. આચાર્ય ડૉ. જે.સી. પટેલના માર્ગદર્શન હેઠળ આયોજન કરાયુ હતુ. પ્રો. દિલીપકુમાર ચાવડા, ડૉ. જયતિકાબેન પટેલ, ચંદ્રિકાબેન વાઘેલાએ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# પ્રાંતિજના ગળતેશ્વર ખાતે અમાસના દિવસે મેળો ભરાશે

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના ગળતેશ્વર ખાતે આવેલ ગળતેશ્વર મહાદેવ મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ અમાસનો મેળો ભરાશે.

પ્રાંતિજથી આઠ કિમી અંતરે આવેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ ગળતેશ્વર ખાતે આવેલ ગળતેશ્વર મહાદેવ મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ અમાસનો મેળો ભરાશે ત્યારે યંત્રયુગમાં પણ લોકો મેળાની મજા માણવા તથા ભગવાન શ્રી ગળતેશ્વર દાદાના દર્શન કરવા હજારોની સંખ્યામાં શિવભકતો ઉમટી પડશે ત્યારે મંદિર વ્યવસ્થાપકો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે.

## અરવલ્લી જિલ્લા પોલીસતંત્રનુ ચાંદટેકરીમાં મહા ઓપરેશન

# કતલખાને લઈ જવાતા ૧૦૫ પશુઓને બચાવાયા





મોડાસા, તા. ૧૭

મોડાસા ટાઉન પોલીસને મોડાસાને અડીને આવેલા ચાંદટેકરી વિસ્તારના ઝાડી-ઝાંખરામાં ગેરકાયદેસર મોટી સંખ્યામાં પશુઓને કતલખાને ધકેલવાની પેરવી કરી રહ્યાની બાતમી મળતા ડી.વાય.એસ.પી. બડોલીયા અને મોડાસા ટાઉન પોલીસ, જિલ્લા એલ.સી.બી.અને એસ.ઓ.જી સહીત પોલીસ જવાનોના મોટા કાફલા સાથે કોમ્બિંગ હાથ ધરાતા કસાઈઓ પોલીસ જોઈ ફરાર થઈ ગયા હતા. પોલીસને ઝાડી-ઝાંખરામાંથી મરણતોલ હાલતમાં બાંધેલા ૧૦૫ પશુઓને બચાવી લઈ પશુઓ માટે ઘાસચારા અને પાણીની વ્યવસ્થા કરી ઈડર પાંજરાપોળ ખાતે મોકલી આપી અજાણ્યા ઈસમો સામે ગુન્હો નોંધી મોડાસા ટાઉન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગુરુવારે વહેલી સવારે ૪ વાગ્યાના સુમારે મોડાસા ટાઉન પોલીસને બાતમીદરો મારફતે બાતમી મળી હતી કે મોડાસા નગરપાલિકા ના ચાંદટેકરી વિસ્તારના ઝાડી-ઝાંખરામાં મોટી સંખ્યામાં ગાય, બળદ, ભેંસ, પાડા, પડીઓ જેવા પશુઓ સંતાડી ગોંધી રાખી ગેરકાયદેસર રીતે કતલખાને ધકેલવાની ફિરાકમાં હોવાની બાતમી મળતા આ અંગે ડી.વાય.એસ.પી બડોલીયાને જાણ કરાતા તાબડતોડ જિલ્લા પોલીસ કુમક સાથે ચાંદટેકરીના બાતમીવાળા ઝાડી-ઝાંખળા વિસ્તારમાં ઓપેરશન હાથ ધરાતા પોલીસનો મોટો કાફલો જોઈ અજાણ્યા શખ્શો પશુઓ ઘટનાસ્થળે રાખી ફરાર થયી જતા પોલીસે કાંટાઓની આડમાં કેટલાક પશુઓને દોરડાંઓ વડે મરણતોલ હાલતમાં ઘાસ અને પાણીની સગવડ કર્યા વગર બાંધી રાખેલા નાના મોટા પાડાઓ નંગ-૯૪ કિંમત રૂ. ૧૧૨૮૦૦ નાની પાડી નંગ-૩ કિંમત રૂ.૬૦૦૦, ૩ ભેંસ-૧ કિંમત રૂ. ૭૦૦૦, ૪ નાની-મોટી ગાયો નંગ-૬ કિંમત રૂ. ૩૦૦૦૦, ૫ એક બળદ કિંમત રૂ. ૪૦૦૦ મળી કુલ તમામ પશુઓ નંગ- ૧૦૫ કુલ કિંમત રૂ. ૧૫૯૮૦૦નો મુદામાલ જપ્ત કરી અજાણ્યા શખ્સો વિરુદ્ધ ઘી પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ની કલમ મુજબ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મોડાસા નજીક આવેલા બે રહેણાંક વિસ્તારોમાં કેટલાક શખ્સો દ્વારા ખુલ્લેઆમ ગેરકાયદેસર રીતે કતલખાના ધમધમી રહ્યા હોવા છતાં જિલ્લા પોલીસ તંત્ર દ્વારા કોઈજ કાર્યવાહી કરવામાં આવતી નથી અને વર્ષે દહાડે એકાદ બે વખત આ રીતે બાતમીના આધારે જ કાર્યવાહી કરવામાં આવતી હોવાનું લોકો જણાવી રહ્યા છે. અમુક જૂજ લુખ્ખાતત્વો દ્વારા ગેરકાયદેસર કતલખાના ચલાવતા આ બંને વિસ્તારના તમામ લોકો આવા અસામાજિક તત્વો સામે પોલીસ શખ્ત કાર્યવાહી કરે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

# ધાનેરાના તબીબનું માનવતા ભર્યુ કાર્ય : સરકારે સન્માન કર્યુ

**ધાનેરાના ડોક્ટર બી.જી.મોરે પૂરની પરિસ્થિતિમાં લોકોને ખાવાનું, મેડિકલ સારવાર તેમજ ધાનેરામાં જાતે સફાઈ કરી માનવતા બતાવી : ડો.મોરની કામગીરીની સરકારે કદર કરી સન્માન પત્ર આપી સન્માનિત કર્યા**

પાલનપુર, તા.૧૭

'ડોક્ટર એ ભગવાન નું બીજું રૂપ છે' આ વાક્ય ને ધાનેરા ના ડોક્ટર બી.જી.મોરે સાબિત કરી બતાવ્યું છે, પૂરની પરિસ્થિતિમાં પોતાની હોસ્પિટલ ૧ ૨ દિવસ બંધ રાખી લોકોને ઘરે જઈ વિના મુલ્યે સેવા આપી. આટલું જ નહિ પણ ધાનેરાને સ્વચ્છ બનવવા માટે જાતે મહેનત કરી ધાનેરા ની સફાઈ પણ કરી. ડો. મોરની કામગીરીની ગુજરાત સરકારે પણ કદર કરી અને સન્માન પત્ર આપી તેમની કામગીરી બાદલ સન્માનિત કર્યા.

ડો.બી જી મોર ધાનેરા સૃષ્ટી ચિલ્ડ્રન નામની હોસ્પિટલ ચલાવે છે ધાનેરામાં છેલ્લા ૨૦ વર્ષથી સેવા આપી રહ્યા છે અને ધાનેરામાં જયારે પૂરના પાણી ઓસર્યું ત્યારે હોસ્પિટલથી નીચે ઉતરી જે લોકો પાણીમાં ફસાયેલા બેઠા અને ભૂખ્યા હતા તેવા લોકો સુધી ખાવાનું પહોચાડ્યું. સતત ત્રણ દિવસ સુધી લોકોને ખવડાવવામાં વ્યસ્ત રહ્યા તો બીજી તરફ ધાનેરામાં પૂરને લઈ એટલી ગંદકી ફેલાઈ હતી કે લોકોને જીવવું પણ મુશ્કેલ બની ગયું હતું ત્યારે ડો મોર બી જી મોરે લોકોની ચિંતા કરી પોતાની ટીમ સાથે ચાલતા ડોર ટુ ડોર લોકોને ઘરે ગયા અને લોકોને વિના મુલ્યે દવા તેમજ સારવાર આપી.



આટલું જ નહિ પણ ધાનેરામાં ગંદકી ફેલાયેલી જોઈ ડો. મોરે જાતે હાથમાં પાવડા તેમજ સફાઈના સાધનો લઈ ધાનેરાના અનેક વિસ્તારોમાં સફાઈ અભિયાન હાથ ધર્યું હતું ત્યારે ગુજરાતની સરકારે ડો.મોરની કામગીરીની કદર કરી અને સ્વતંત્ર દિવસે ગુજરાતના આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે સન્માન પત્ર આપી સન્માનિત કર્યા હતા.

જયારે ડોક્ટર મોર ધ્વરા ગુજરાત નો સરકાર નો આભાર માન્યો હતો અને ધાનેરા ના લોકો ને પૂર માં મદદ રૂપ થનાર તમામ સંસ્થ નો પણ આભાર માન્યો હતા. દરરોજ હોસ્પિટલની ઉંચી આવક હોવા છતાં પણ હોસ્પિટલને તાળા મારી લોકોની સેવા કરનાર ડોક્ટર મોર સાહેબ સો સલામ.

# પ્રાંતિજ ખાતે શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની સવારી નિકળી

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની દરવર્ષની જેમ આ વર્ષે પણ મંદિરના વ્યવસ્થા સ્થાપકો દ્વારા વાજતે ગાજતે સવારી કાઢવામાં આવી હતી. જેમાં શિવભકતો દ્વારા શ્રી માલ્કડેશ્વર દાદાની પધરામણી ઘરે કરાવી આરતી ઉતારી પ્રસાદ વહેચી ધન્યતા અનુભવી હતી.

નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પાંડવોના સમયથી અતિ પ્રાચીન મંદિર શ્રી માલ્કડેશ્વર મહાદેવની દરવર્ષની જેમ જન્માષ્ટમીના દિવસે પાલખી સ્વરૂપે નગરયાત્રા કાઢવામાં આવી હતી.જયારે શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની સવારી વર્ષમાં બે વખત નિકળે છે. જેમાં શિવરાત્રી તથા જન્માષ્ટમી. એમાં શિવરાત્રીના દિવસે દાદાની સવારી નાની ભાગોળ, બજારચોક તથા ગામના અંદરના રૂટોમાં જાય છે. જયારે જન્માષ્ટમીના દિવસે હાઈવે એપ્રોચરોડથી ભાંખરીયા વિસ્તારમાં આવેલ વિવિધ સોસાયટીઓમાં તથા દુકાનોમાં પધરામણી થાય છે. આમ આ વર્ષે પણ શ્રી માલ્કડેશ્વર દાદાની સવારી દરવર્ષ ની જેમ ઢોલ નગારા સાથે વાજતે ગાજતે નિકળી હતી અને દાદાએ ભક્તોના ઘરે ઘરે જઈ આશીવાર્દ આપ્યા હતા.

# પ્રાંતિજ ખાતે સુન્ની મુસ્લિમ વ્હોરા જમાત મંડળ દ્વારા હજયાત્રીઓનું સન્માન કરવામાં આવ્યું

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ઈસ્લામ ધર્મના અનુયાયીઓ પૈકી એક સાથે ૨૭ જેટલા હજયાત્રીઓ હજ પઢવા જવાના હોઈ તેમનો સન્માન સમારંભનો કાર્યક્રમ યોજાયો હતો.

પ્રાંતિજ ખાતેથી હજયાત્રીઓ હજ પઢવા જઈ રહ્યા છે ત્યારે સુન્ની મુસ્લિમ વ્હોરા જમાત દ્વારા હજયાત્રીઓને સન્માનવા પ્રાંતિજ વ્હોરા જમાતખાના ખાતે સુન્ની મુસ્લિમ વ્હોરા જમાત મંડળના પ્રમુખ મોહમ્મદ ઉમર એ. ઉદણવાલા તથા સભ્યો દ્વારા સમાજ દ્વારા હજયાત્રીઓનું સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સન્માન માટે લાંબી લાંબી કતાર જોવા મળી હતી અને હજયાત્રીઓને ભેટી તેમણી યાત્રા સફળ રહે તે માટે દુવાઓ કરવામાં આવી હતી.



આ સમયે ખુશીના આંસુ પણ જોવા મલ્યા હતાં જયારે બપોરના સમયે મહિલા હજયાત્રીઓઓના પણ સન્માન કાર્યક્રમ યોજાયો હતો અને રાત્રીનાં સમયે પુરુષ હજયાત્રીઓનો સન્માન સમારોહ જમાત ખાના ખાતે યોજાયો હતો. જેમાં પ્રાંતિજ શહેરના આગેવાનો સહિત સમાજના લોકો ઉપસ્થિત રહીને હજયાત્રીઓને શુભકામના પાઠવી હતી.